# 2101002501010003
# EXAMINATION DECEMBER 2024
# BACHELOR OF ARTS (EXTERNAL) FIRST YEAR
# GUJARATI - LEVEL 1

**[Time: As Per Schedule]** **[Max. Marks: 100]**

**Instructions:**
**1. Fill up strictly the following details on your answer book**
a. Name of the Examination: **BACHELOR OF ARTS (EXTERNAL) FIRST YEAR**
b. Name of the Subject: **GUJARATI – LEVEL 1**
c. Subject Code No: **2101002501010003**
2. Sketch neat and labelled diagram wherever necessary.
3. Figures to the right indicate full marks of the question.
4. All questions are compulsory.

Seat No:

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | |

Student's Signature

**Q.1** સિંધુ ખીણની સામાજિક, આર્થિક અને ધાર્મિક જીવનનો સવિસ્તર પરિચય કરાવો. **20**

**અથવા**

ગુજરાતનાં ભૌગોલિક વૈવિધ્યના વિસ્તારો જણાવી કરછ અને સૌરાષ્ટ્રની વિશેષતા આલેખો.

**Q.2** "અમાસનાં તારા" માં લેખકના રાજા રજવાડાંના તથા શિકારના અનુભવોની સમીક્ષા કરી, લેખકની અનુભવ – સમૃદ્ધિને મૂલવો. **20**

**અથવા**

"અમાસનાં તારા"ના અનુલક્ષમાં કિશનસિંહ ચાવડાની સર્જક્તા સદ્રષ્ટાંત મૂલવો અને ગુજરાતી સાહિત્યમાં એમનું પ્રદાન અને સ્થાન સ્પષ્ટ કરો.

**Q.3 નિબંધ લખો. (ગમે તે એક)** **20**

1. આધુનિક જીવનમાં વિજ્ઞાનનું મહત્વ
2. આજના વિધાર્થીની સમસ્યા
3. પર્યાવરણનો ભારતીય વિચાર
4. સ્ત્રી સશક્તિકરણ
5. આપણા ઘડવૈયા બાંધવ

**અથવા**

1. દેવદાર વ્યાપારીને કાયદેસર પગલાં લેવાની ધમકી આપતો ઉઘરાણી પત્ર લખો. અને એનો યોગ્ય ઉત્તર લખો.
2. એક ગ્રાહકે ' ડેમ્કો ' સ્ટીલ વકર્સ' ને સ્ટીલનાં કબાટોનો ઓર્ડર આપ્યો હતો, પરંતુ તે માલ મુદત કરતાં મોડો માળતાં તેની ફરિયાદ કરતો પત્ર લખો અને તેમાં તમને પડેલી મુશ્કેલી બદલ વળતરની માગણી કરો.
3. બિરસા મુંડા આદિવાસી વિશ્વવિધાલય, રાજપીપલામાં અંગ્રેજી વિષયમાં એસોસિયેટ પ્રોફેસરની ખાલી પડેલી જગ્યા માટે અરજી લખો.

**Q.4 (અ) ગમે તે બે નો વિચાર - વિસ્તાર કરો.** **12**

1. ચાલતો મધુને પામે, ચાલતો મીઠું ઉબરું,
   સૂર્યનાં શ્રમને પેખ, ચાલતાં જે ન આળસે.
2. એકલ દેતા દાન જે, એકલ ઝૂઝતા જંગ
   એકલ જગનિંદા સહે, એ મરદોને રંગ !
3. આભ ઝરે ભલે આગ, હસીહસી ફૂલ ઝરે ગુલમ્હોર
   ભાઈ રે, આપણા દૂ:ખનું કેટલું જોર ?
4. ઉત્તમ વસ્તુ અધિકાર વિના મળે, તદપિ અર્થ ના સરે,
   મત્સ્યભોગી બગલો મુક્તાફળ દેખી ચંચુ ના ભરે.

**(બ) નીચે પૈકી ગમે તે ચાર કહેવતોનો અર્થ આપો.** **4**

1. અણી ચૂક્યો સો વરસ જીવે
2. ઓળખાણ મોટી ખાણ છે
3. ખાડો ખોદે તે પડે
4. ગરજ સરી એટલે વૈદ વેરી
5. ચેતતા નર સદા સુખી
6. ચોરનો ભાઈ ઘંટીચોર
7. દયા ડાકણને ખાય
8. ડૂબતો માણસ તરતું પકડે

**(ક) નીચે પૈકી ગમે તે ચાર રૂઢિપ્રયોગોનો અર્થ આપો.** **4**

1. કસોટીએ ચડાવવું
2. ઘડો ફૂટવો
3. ચાર હાથ કરવા
4. દિવાસળી ચાંપવી
5. ધજા ઉડાડવી
6. તમાશો જોવો
7. ધોયેલા મુળા જેવું
8. ઝોલાં ખાવા

**Q.5** **(અ) ટૂંકનોંધ લખો. (ગમે તે એક)** **6**

1. મૈત્રીકકાલીન વહીવટી પ્રથા
2. 'જીવન-વિષ-અમૃત' નો મધ્યવર્તી વિચાર

**(બ) પૂર્વાપર સંદર્ભ આપી સમજાવો. (ગમે તે બે)** **8**

1. 'બા, મારા ગળામાંથી સોનાની કંઠી ના કરતી ".
2. 'સાહેબ, એ ટો તમને ખબર નહીં ને !"
3. 'તારી મા આજે કેમ નથી આવી?"
4. વડોદરામાં આ જ બે વ્યક્તિઓ મળવા જેવી મહાન છે".

**(ક) નીચેના પૈકી કોઈપણ એક ફકરાનો ત્રીજા ભાગનો સંક્ષેપ કરી યોગ્ય શીર્ષક આપો** **6**

1. શરીરે ભસ્મ લગાડેલો એક વૈરાગી સાધુ જન્મ - મરણના ચક્રમાંથી છૂટવાની ઈચ્છા કરતો હતો. આ ઈચ્છા પરિપૂર્ણ કરવા તે મોટમોટા સંતો અને મહંતોને ઠેરઠેર ફરીને મળતો હતો. એકવાર ગણા જ રમણીય, મનને હરી લેનારા સુંદર વનમાં ઋષીમુનીઓના નિવાસસ્થાન જેવી એક વિશાળ જગ્યામાં તે એક જ્ઞાનીને મળ્યો. તેને તેણે પોતાનાં અંતરમાં ચાલી રહેલા સહન ન કરી શકાય તેવા સંઘર્ષની વાત કરી. જ્ઞાની હસ્યો તેણે કહ્યું,'જોગીરાજ, તમે માનો છો કે આ આખા જગતમાં મારા જેવું કોઈ છે જ નહીં, તમે એવા ભાવને છોડી દો. અંતરના દરવાજાને અંદરથી બંધ કરી દેનારી જડતારૂપી આડશને દૂર કરો. દાબી ન શકાય અને રોકી ન શકાય એવી વૃતિઓના વશમાં રહેવાના બદલે પોતે પોતાના ઉપર નિયમન અને નિયંત્રણ રાખતાં શીખો. એ સ્વાધીનતા એ જ મુક્તિ છે. બાકી તો અહંકારનો ભાર લઈને દૂર દૂરની જગ્યાએ મુક્તિને શોધવા નિકળવું એ અર્થ વગરની જીવનની મુસાફરી બની રહેશે કયાંય જવાની જરૂર નથી. તમારા અંતરમાં જ મુક્તિનો અખંડ અગ્નિ સતત પ્રજવલિત રહે તો જ જીવન અર્થથી ભરેલું બની રહે."

2. સ્ત્રી અને પુરુષ આ મુસાફરી જેવા જીવનમાં એક સાથે મુસાફરી કરતાં માણસો છે. ગીત ગાનાર અને વાજિંત્ર વગાડનારાંમાં જો સુમેળ ન હોય તો એ તાલબદ્ધ અને કર્ણપ્રિય હોતું નથી. એમ પતિ અને પત્નીમાં સુમેળ ન હોય તો જીવન

સંવાદી હોતું નથી. બંનેની પાસે બંને જણાં વર્તન અને વ્યવહારની બાબતની તદન ચોખ્ખાપણું ઈચ્છે છે. પરતું જો પતિ પત્નીને વફાદાર રહેવા તૈયાર ન હોય તો પત્ની પણ કાંઈ પતિને વફાદાર રહેવા બંધાયેલી નથી. જગતનો નિયમ છે કે કોઈ વ્યક્તિ જે રીતે વર્તે એ જ રીતે તે જોઈને બીજી વ્યક્તિ પણ વર્તતી હોય છે. પત્નીનું મૃત્યુ થતાં જો પતિ તેની સાથે બળી મરતો નથી તો પતિનું મૃત્યુ થતાં પતિની સાથે એ જ ચિતામાં પત્ની બળી મરે એવી યુગોથી ચાલતી આવતી આ સમાજની પરંપરા ખરે જ પાગલપણું છે. અલબત, પતિ અને પત્ની પોતપોતાની ઈચ્છા પ્રમાણે સ્વચ્છંદ આચરણ કરનારાં ન અને પણ પોતાના પગ ઉપર જ ઊભા રહેનારાં અને સામાના આચારવિચારને યોગ્ય આદરથી સ્વીકારનારાં બને. આમ, નથી થતું તેથી જ પતિ – પત્નીના જીવનમાં નાની વાતોને બહુ મોટું રૂપ આપી મોટા ઝધડા અને સંઘર્ષો થાય છે.

***************